RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૪૩ (સુરત) તા.૨૮/૦૭/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-43 SURAT DATE-28/07/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬: વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે ભારતને અપાવ્યો પ્રથમ સિલ્વર મેડલ

2 રણબીરની પુત્રી રાહા સિનેમાગૃહમાં પહેલી ફિલ્મ તેના પિતાની રામાયણ જોશે

3 ગાંધીધામ ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં સુરતની પ્રીશા પારેખનો શાનદાર દેખાવ

3 ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કારગિલ ચોક ખાતે પૂર્વ સૈનિકોનું સન્માન કરી વીર જવાનોના શૌર્ય અને બલિદાનને નમન કર્યું

## મને દેશની યુવાશક્તિ પર ગર્વ છે: વડાપ્રધાન મોદીનું 'મન કી બાત'માં સંબોધન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'ના ૧૩૬ મા એપિસોડમાં કારગિલ વિજય દિવસના વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી. તેમણે આંતરરાષ્ટ્રીય સાયન્સ ઓલમ્પિયાડમાં ભારતીય વિદ્યાર્થીઓના શાનદાર પ્રદર્શન અને સ્વદેશી INS મહેન્દ્રગિરીના નૌકાદળમાં સમાવેશને બિરદાવ્યો. 'કેચ ધ રેઈન' અભિયાનને જનઆંદોલન ગણાવી, તેમણે જળ સંરક્ષણ માટે નાગરિકોને અપીલ કરી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૬ મા એપિસોડને સંબોધિત કર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે કાર્ગિલ વિજય દિવસનો ઉલ્લેખ કરીને દેશના વીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ દિવસ દરેક ભારતીય માટે ગર્વ અને અદમ્ય સાહસની યાદ અપાવે છે. આ ઉપરાંત, વડાપ્રધાને આંતરરાષ્ટ્રીય સાયન્સ ઓલમ્પિયાડમાં ભારતીય વિદ્યાર્થીઓના શાનદાર પ્રદર્શનની પ્રશંસા કરી હતી. ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને મેથેમેટિક્સ ઓલમ્પિયાડમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કર્યું છે. ભારતીય નૌકાદળમાં 'આઈએનએસ મહેન્દ્રગિરી' ના સમાવેશને ટાંકતા વડાપ્રધાને તેને સ્વદેશી રક્ષા નિર્માણનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.આ આધુનિક યુદ્ધ જહાજ ભારતમાં જ ડિઝાઇન અને નિર્મિત છે, જેમાં ૭૫ ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ 'આત્મનિર્ભર ભારત'ની વધતી તાકાતનું સ્પષ્ટ પ્રતીક છે. વડાપ્રધાને રક્ષા સંશોધન અને વિકાસ સંસ્થા દ્વારા વિકસિત 'પિનાકા લોંગ રેન્જ ગાઇડેડ રોકેટ' અને 'ખુશા મિસાઇલ'ના સફળ પરીક્ષણનો ઉલ્લેખ કરીને વૈજ્ઞાનિકો તથા ઇજનેરોની મહેનતને બિરદાવી હતી. ૨૬ જુલાઈએ કારગિલ વિજય દિવસ છે, ત્યારે વડાપ્રધાને ૧૯૯૯ ના કારગિલ યુદ્ધના શૂરવીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે કઠોર હવામાન અને દુશ્મનોના પડકારો સામે આપણા સૈનિકોએ અદમ્ય સાહસ દાખવ્યું હતું. વીર જવાનોના બલિદાનને યાદ કરવા માટે આ વર્ષે નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય સમર સ્મારકથી દ્રાસ સ્થિત કારગિલ વોર મેમોરિયલ સુધી 'શૌર્ય વિજય યાત્રા' મોટરસાઇકલ અભિયાન યોજવામાં આવ્યું છે, જેનો મુખ્ય સંદેશ 'એક રાઇડ, એક રાષ્ટ્ર, એક સલામી' છે. જળ સંરક્ષણ વિશે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે 'કેચ ધ રેઈન' અભિયાન હવે દેશભરમાં એક જનઆંદોલનનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. ૪ જુલાઈથી શરૂ થયેલા આ વિશેષ અભિયાન હેઠળ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ સહિતના અનેક રાજ્યોમાં તળાવોનું નિર્માણ, કુવાઓ અને વાવનું પુનઃજીવનીકરણ તેમજ ભૂગર્ભ જળ રિચાર્જનું કામ મોટા પાયે થઈ રહ્યું છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૬ મા એપિસોડને સંબોધિત કર્યો હતો.**

## હવે મોટા વરાછામાં ફરક્યો ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ

## કારગિલ વિજય દિવસે સંઘવીએ તિરંગો લહેરાવ્યો, સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું



સુરત- સુરતના મોટા વરાછા વિસ્તારમાં કારગિલ વિજય દિવસ નિમિત્તે સુદામા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એક વિશેષ અને ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગે રંગાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા તેમજ શહેરના અનેક સામાજિક અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૧૦૦ ફૂટ ઊંચા વિશાળ તિરંગાનું ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું, જેનાથી આકાશ ભારત માતા કી જયના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું. આ સાથે જ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું, જે સ્થાનિકો માટે પ્રેરણાસ્ત્રોત બનશે.

ઉપસ્થિત જનમેદનીને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કારગિલ વિજય દિવસ એ કોઈ સામાન્ય દિવસ નથી, પરંતુ આપણા વીર જવાનોના બલિદાન અને શૌર્યનો દિવસ છે. દુશ્મનોએ આજના દિવસે દેશ પર હુમલો કર્યો હતો, ત્યારે આપણા દેશના બહાદુર સૈનિકો પોતાના પરિવાર અને સુખ-સાહ્યબી છોડીને માતૃભૂમિની સુરક્ષા માટે સરહદ પર ઉતરી પડ્યા હતા. અનેક વીરોએ પોતાની શહાદત આપીને આજે આપણને સુરક્ષિત રાખ્યા છે.

પોતાના વક્તવ્યમાં તેમણે કારગિલ યુદ્ધના અમર શહીદ કેપ્ટન વિક્રમ બત્રાની વીરતાને યાદ કરતા કહ્યું હતું કે, વિક્રમ બત્રાની કુરબાનીને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

## ઈન્ડિગોની ફ્લાઈટનું રાજકોટ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ, દુબઈથી મુંબઈ જતા વિમાનમાં ધુમાડો નીકળ્યો!



દુબઈથી મુંબઈ જતી ઇન્ડિગોની ફ્લાઈટમાં અચાનક ધુમાડો નીકળતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. પાયલટે સમયસૂચકતા વાપરી રાજકોટ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરાવ્યું. આ ઘટના રાજકોટ એરપોર્ટ પર બની હતી, જ્યાં ફ્લાઈટને સુરક્ષિત રીતે ઉતારવામાં આવી હતી. યાત્રીઓનો આબાદ બચાવ થયો હતો. આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દુબઈથી મુંબઈ જઈ રહેલી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઈટમાં અચાનક ધુમાડો (સ્મોક) નીકળવાની ઈમરજન્સી ઊભી થતાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પ્લેનમાં ધુમાડો દેખાતાં જ મુસાફરોમાં ડર અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## મારા પરિવાર વિશે ખોટો પ્રચાર કરાયો: ઈથનોલ નીતિ વિવાદ મુદ્દે બોમ્બે હાઈકોર્ટમાં નીતિન ગડકરીની અરજી



કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમના અને પરિવાર વિરુદ્ધ E ૨૦ ઇથેનોલ મિશ્રણ નીતિ અંગેના AI- જનરેટેડ ડીપફેક વીડિયો અને પોસ્ટ્સ સામે બોમ્બે હાઈકોર્ટમાં માનહાનિનો દાવો કર્યો છે. તેમણે મેટા અને એક્સ ને પ્રતિવાદી બનાવ્યા છે. ગડકરીએ આ આરોપોને પાયાવિહોણા ગણાવી, ડિજિટલ પ્લેટફોર્મ પરથી વીડિયો હટાવવાની અને તેના પ્રસાર પર રોક લગાવવાની માંગ કરી છે. કોર્ટે અરજી સ્વીકારી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ E૨૦ ઇથેનલ મિશ્રણ નીતિ સાથે તેમના અને તેમના પરિવારના નામને જોડતા કથિત AI--જનરેટેડ ડીપફેક વીડિયો અને ગેરમાર્ગે દોરતી સોશિયલ મીડિયા પોસ્ટ્સ સામે બોમ્બે હાઈકોર્ટમાં માનહાનિનો દાવો દાખલ કર્યો છે. હાઈકોર્ટે આ અરજી સ્વીકારી લીધી છે અને વચગાળાની રાહતની માંગ કરતી આ અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવશે. આ કેસમાં ગડકરીએ મેટા (ફેસબુક અને ઇન્સ્ટાગ્રામની માલિકી કંપની) તેમજ એક્સ ને પ્રતિવાદી બનાવ્યા છે.

અરજી અનુસાર સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલા કેટલાક વીડિયો અને પોસ્ટ્સમાં ખોટો દાવો કરવામાં આવ્યો છે કે ગડકરી અને તેમના પરિવારે સરકારના ઇથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામથી નાણાકીય લાભ મેળવ્યો છે. મંત્રીએ આ તમામ આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા, ખોટા અને બદનામ કરનારા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે E૨૦ ઇથેનલ મિશ્રણ પહેલ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, માર્ગ પરિવહન મંત્રાલય હેઠળ નહીં. જેથી આ આરોપો તથ્યાત્મક રીતે ખોટા છે.




## સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર કુદરત કોપાઈ

## બે વાર પૂર બાદ મુંબઈ હાઈવે પર ૨૦૦ ટ્રકો અને ૬૫ હજાર પાર્સલ અટવાયા; નુકસાની ભરપાઈ કરવા રવિવારે પણ માર્કેટો ધમધમી



સુરત- દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સર્જેલી તારાજી બાદ સામાન્ય જનજીવનની સાથે વેપાર-ધંધા પર માઠી અસર પડી છે. ખાસ કરીને એશિયાના સૌથી મોટા ટેક્સટાઇલ હબ ગણાતા સુરતના કપડાં ઉદ્યોગને આ ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ મુશ્કેલીમાં મુકી દીધો છે. અગાઉ ૭ જુલાઈએ આવેલા ખાડી પૂરમાંથી વેપારીઓ માંડ બેઠા થઈ રહ્યા હતા, ત્યાં જ ફરીથી વરસેલા વરસાદે વેપારનું ધનોતપનોત કાઢી નાખ્યું છે.

છેલ્લા ૫ દિવસમાં સુરતથી માલ લઈને નીકળેલી અંદાજે ૧૮૦થી ૨૦૦ જેટલી ટ્રકો મુંબઈ હાઈવે પર અટવાઈ પડી છે. આ ટ્રકો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને સાઉથના રાજ્યોમાં માલ સપ્લાય કરવા માટે રવાના થઈ હતી. હાઈવે પર પાણી ભરાવાને કારણે સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. હાલ અંદાજે ૬૦થી ૬૫ હજાર જેટલા કાપડના પાર્સલો રસ્તામાં જ અટવાઈ જતાં વેપારીઓને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ખાડી પૂરની બીજી ઇનિંગના કારણે રિંગરોડની ટેક્સટાઇલ માર્કેટમાં એક દિવસ અને સારોલી સાઈડ આવેલી તમામ માર્કેટોમાં સતત ત્રણ દિવસ સુધી વેપાર-રોજગાર સંપૂર્ણપણે ડિસ્ટર્બ રહ્યો હતો. બહારગામથી આવતા ખરીદદારોની આવન-જાવન બંધ થઈ જતાં માર્કેટોમાં સનાટો છવાઈ ગયો હતો.

आज प्रजा पंख मे.....

## -आस्था -



नगमे छेड़ता मन से
कविता लिखता दिल से,
दो पल ख़ुशी के मिल जाते
सहारे इसके जिंदगी जी जाता !

अलौकिक कुदरत है चारो और
उसके कण कण को मानता,
जमाने के शोर में
खुद के भीतर अगाथ मौन पाता !

कोई को न ठेस पहुचाता
दुखियो के दु ख दर्द दूर करता,
प्रेम में समर्पित रहता
ईश्वर के दर्शन् करता !

खेल खूब खेलता जिंदगी में
असफलता की परवाह नहीं,
किस्मत को हरदम आजमाता
साक्षी हूँ में हर पल का !!

-अश्विन, अटपटा

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬: વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે ભારતને અપાવ્યો પ્રથમ સિલ્વર મેડલ




કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના રિષિકાંત સિંહે મેન્સ ૬૦સલ મુકાબલામાં કુલ ૨૬૪સલ વજન ઉઠાવી ભારત માટે પ્રથમ સિલ્વર મેડલ જીત્યો. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને ૨૭૩સલ વજન ઉઠાવી ગોલ્ડ મેડલ મેળવ્યો. જોશુઆ મ્બોયાએ બ્રોન્ઝ જીત્યો. આજે સાંજે મીરાબાઈ ચાનુ ગોલ્ડ મેડલ ડિફેન્ડ કરવા મેદાનમાં ઉતરશે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે મેન્સ ૬૦સલ મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરતા કુલ ૨૬૪સલ વજન ઉઠાવીને ભારત માટે આ ગેમ્સનો પ્રથમ સિલ્વર મેડલ જીતી લીધો છે. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડ સાથે કુલ ૨૭૩સલ વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે.

ગોલ્ડ મેડલ: મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાન (કુલ ૨૭૩સલ - ઈઠ રેકોર્ડ).

સિલ્વર મેડલ: ભારતના રિષિકાંત સિંહ (કુલ ૨૬૪સલ - સ્નેચ અને ક્લીન એન્ડ જર્ક મળીને ૧૨૧+૧૪૩).

બ્રોન્ઝ મેડલ: કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયા (કુલ ૨૬૦સલ - ૧૧૫+૧૪૫).

ભારતના રિષિકાંત સિંહ ક્લીન એન્ડ જર્કના બીજા પ્રયાસમાં ૧૪૮સલ વજન ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હતા. અંતિમ પ્રયાસમાં તેમણે ૧૫૧સલ વજન પાર કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળ ન થવાને કારણે તેમણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયાએ અંતિમ ક્લીન એન્ડ જર્ક લિફ્ટમાં ૧૪૫સલ વજન ઉઠાવીને શાનદાર રીતે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

આજે દિવસના અંતિમ ભાગમાં સાંજે ૬:૪૫ વાગ્યે ઓલિમ્પિક પદક વિજેતા મીરાબાઈ ચાનુ પોતાના ઈઠ ગોલ્ડ મેડલને ડિફેન્ડ કરવા માટે મેદાનમાં ઉતરશે, જેના પર સમગ્ર દેશની નજર રહેશે.

# તંત્રી લેખ........

## આપણેને ટેક્નોલોજીનો થાક કેમ લાગી રહ્યો છે?

સોશ્યલ મીડિયા એન્ટી-સોશ્યલ બની ગયું છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં બે આંખની શરમ નથી નડતી. બે માણસો જયારે રૂબરૂમાં મળે, ત્યારે બંને વચ્ચે માત્ર વાતોની આપ-લે નથી થતી, તેમની વચ્ચે શરીરની ભાષાનો પણ વિનિમય થાય છે. બંને એકબીજાને આંખથી જુવે પણ છે, અને મનથી સાંભળે પણ છે. નોન-વર્બલ કોમ્યુનિકેશન માણસો વચ્ચેના સંવાદનું અગત્યનું પાસું છે. સંવાદો સાર્થક અને સમજપૂર્વકના બનવા પાછળ શબ્દો ઉપરાંત ઘણાં પરિબળો કામ કરે છે. સોશ્યલ મીડિયામાં તેની ગેરહાજરી હોય છે, એટલે મોટાભાગના સંવાદો મિસ-કોમ્યુનિકેશનમાં પરિણમે છે. આવી જ સ્થિતિ વીડિયો કોલની થઇ છે. કોરોના વાઇરસની મહામારીમાં વીડિયો કોમ્યુનિકેશનમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. પ્રેસિડેન્ટ અને પ્રધાનમંત્રીથી લઈને વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલન્સ સુધીના કરોડો લોકોએ આ આખું વર્ષ વીડિયો કોલ મારફતે તેમની ગતિવિધિઓ જાળવી રાખી હતી. ખાસ કરીને ઝૂમ જેવી એપ્લિકેશને સોશ્યલ ડિસ્ટન્સિન્ગ વચ્ચે આખી દુનિયાનો સંવાદ અને સંપર્ક વગર જ જાળવી રાખ્યો હતો. ટેક્નિકલી વીડિયો કોન્ફરન્સિંગ અડધી સદીથી પણ જૂની ટેક્નોલોજી છે, પરંતુ પાછલા એક વર્ષમાં અચાનક જ તેનો ઉપયોગ એટલો વધી પડ્યો, જેટલો એક દાયકામાં થયો હોત.

તેનો ફાયદો એટલે જ તે સૌથી હાથવગું માધ્યમ બની ગયું, પણ હવે વર્ચુઅલ મિટિંગની આડઅસરો પર પણ લોકોનું ધ્યાન પડવા માંડ્યું છે. જે લોકોએ લગાતાર ઝૂમ એપ્લિકેશન પર કોન્ફરન્સ કરી છે, મિટિંગો કરી છે, ક્લાસ ભર્યા છે, વેબિનાર યોજયા છે કે ઓફિસનું કામ કર્યું છે તેમણે એવી પણ ફરિયાદ કરી છે કે આ પ્રકારના ટેક્નોલોજિકલ સંવાદમાં તેમની ઊર્જા બહુ ખર્ચાઈ જાય છે. વૈજ્ઞાનિકોએ તેને એક નામ પણ આપ્યું છે; ઝૂમ ફટીગ, એટલે કે ઝૂમ મિટિંગથી આવતી થકાવટ. સૌથી વધુ સ્કૂલી બાળકો અને તેમનાં પેરેન્ટ્સ અને કોલેજના વિદ્યાર્થીઓ આનાથી બહુ પરેશાન છે.

અમેરિકાની સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાનો એક તાજો અભ્યાસ અમેરિકન સાઇકોલોજિકલ એસોસિયેશનની પત્રિકા ટેક્નોલોજી, માઈન્ડ એન્ડ બિહેવિયર માં પ્રકાશિત થયો છે. તેમાં ઝૂમ મિટિંગથી આવતી માનસિક થકાવટનાં ચાર મુખ્ય કારણો શોધવામાં આવ્યાં છે; એક, વધુ પડતો નજીકનો આઈ-કોન્ટેક્ટ, જે જેલની કોટડીમાં થતી ઊલટતપાસ જેવો અહેસાસ કરાવે છે. તમે ન બોલતા હો તો પણ તમારી પર બધાની નજર ફરતી હોય. બે, સતત પોતાનો જ ચહેરો જોતા રહેવાથી આત્મવિશ્વાસ ડામાડોળ થઇ જાય છે. ત્રણ, સતત લાંબા સમય સુધી બેસી રહેવાની મજબૂરી અને ચાર, સામેવાળી વ્યક્તિની દેહ ભાષા (બોડી લેંગ્વેજ) સમજમાં નથી આવતી. માણસ સામજિક પ્રાણી છે. તે બીજી વ્યક્તિ સાથેના ઈન્ટરેક્શનમાં માત્ર શબ્દોની આપ-લે નથી કરતો. તે ભાવનાઓની પણ આપ-લે કરે છે. આપણે દિમાગથી સમજીએ છીએ, પણ દિલથી સાંભળીએ છીએ. વર્ચુઅલ ઈન્ટરેક્શન આની ગેરહાજરી હોય છે. આપણે કોઈને રૂબરૂ મળીને વાત કરીએ, તો એ વ્યક્તિ આપણી સાથે વાત કરે ત્યારે તેની બોડી લેંગ્વેજ, અવાજનો ટોન, આંખોના ભાવ પણ તેની વાતને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. પરંતુ ઓનલાઈનમાં વ્યક્તિ સદેહે નથી હોતી, એટલે આપણે તેના શબ્દોનું આપણી રીતે અર્થઘટન કરો છો. હું તમને રૂબરૂમાં એમ કહું કે રતમને નહીં સમજાય, તો તે વખતે તમને મારા હોઠ પરનું હાસ્ય પણ દેખાશે, અને તમે પણ હસી પડશો. ફેસબુક પર આ જ વાક્યનો અર્થ તમારામાં બુદ્ધિ ઓછી છે એવો થશે. એટલા માટે ફેસબુક પર તમે ગમે તે લખો, ગેરસમજ કરનારા નીકળી જ આવશે, જે સરવાળે નકારાત્મકતામાં ઉમેરો કરશે.

લોકોની બોડી લેંગ્વેજ સમજમાં નથી આવતી, એટલે એ સંવાદ ભારેખમ બની જાય છે. આપણે બીજી વ્યક્તિને જોવા માટે આંખો અને દિમાગને ખેંચીને વધુ પ્રયાસ કરવો પડે છે. બોડી લેંગ્વેજને જોવી અને સમજવી અચેતન ક્રિયા છે. રૂબરૂમાં આપણે બીજી વ્યક્તિને સાંભળતા હોઈએ ત્યારે આપણું મન બેકગ્રાઉન્ડમાં તેના હાવભાવને પ્રોસેસ કરતું હોય છે, જેથી સંવાદ વધુ સાર્થક બને છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોનો કમાલ: દર્દીની શ્વાસનળીમાં દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર ૨ મિનિટમાં બહાર કાઢ્યો

અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ ફરી એકવાર ઉત્કૃષ્ટ કૌશલ્ય અને અદ્ભુત ટીમવર્કનો પરિચય આપતાં જટિલ કેસમાં સફળતા મેળવી છે. પંચમહાલ જિલ્લાના ૪૭ વર્ષીય દર્દી બળવંતની શ્વાસનળીમાં આશરે દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર ૨ મિનિટમાં સફળતાપૂર્વક બહાર કાઢીને તબીબોએ તેને નવજીવન આપ્યું છે.

દર્દી બળવંતના જણાવ્યાનુસાર, આશરે દોઢ વર્ષ પહેલાં તેમનો એક દાંત આપોઆપ પડી ગયો હતો અને પાણી પીતી વખતે અજાણતા જ શ્વાસનળીમાં જતો રહ્યો હતો. જેના કારણે છેલ્લા એક મહિનાથી તેમને સતત ઉધરસ અને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ રહી હતી. તકલીફ વધતાં દર્દીને ૨૦મી જુલાઈ ૨૦૨૬ના રોજ



અમદાવાદ સિવિલ હોસ્પિટલના પલ્મોનરી મેડિસીન વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબીબી તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, આ દાંત શ્વાસનળીની એક શાખામાં ઊંડે સુધી ફસાયેલો હતો.

કેસની ગંભીરતાને ધ્યાને રાખી પલ્મોનરી મેડિસીન, કાન-નાક-ગળા અને એનેસ્થેસિયા વિભાગના તબીબોએ સંયુક્ત સારવાર યોજના તૈયાર કરી હતી. ત્યારબાદ ૨૩મી જુલાઈના રોજ ઓપરેશન થિયેટરમાં અદ્યતન બ્રોન્કોસ્કોપિક ટેકનીકની મદદથી આ દાંતને માત્ર ૨ મિનિટમાં જ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો હતો.

# રાશીફળ

**મેષ** -પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે.

**વૃષભ** -આળસથી બચવું તથા કાર્યો સમય પર કરવાનો પ્રયત્નવ કરો. સંતાન તરફથી પ્રસન્નતા રહેશે. સ્વા-વિવેકથી કાર્ય કરવું લાભદાયી રહેશે. કાર્યમાં સમયને મહત્વદ ન આપવાને કારણે માનસિક ક્લે.શનો યોગ બનશે.

**મિથુન**-બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું. વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબનાં સભ્યોહનો સહયોગ મળી શકે છે. કોઈ અગત્યાનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. સત્સંવગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે.

**કર્ક** -પ્રતિષ્ઠિત વ્યમક્તિવઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્નશ કરવો. ગુસ્સો અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ**-નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યા.પારમાં મુશ્કેકલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યા.પારમાં ભાગ્ય વર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**કન્યા**-મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાોપાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે. સંબંધો પ્રત્યેવ વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્નર કરવો પડશે.

**તુલા**-વિવાદોથી બચવું. સંતાન પક્ષ, મિત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાના યોગ. કાર્યમાં સમયને મહત્વત ન આપવાને કારણે માનસિક ક્લેશનો યોગ બનશે.

**વૃશ્ચિક** -શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થવાનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યેવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યથવર્ધક યાત્રાઓ સંભાવિત. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાગપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. ધાર્મિક સમસ્યાંઓ પર વિચાર-વિમર્શનો યોગ.

**ધન**-શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યયવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ. ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મકર** -સ્વાચધ્યાુયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિાતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે.

**કુંભ**-યોગ્યક દિશામાં પ્રયત્નદ કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વેવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

**મીન**-સંપત્તિ ખરીદવાનો યોગ બનશે. અધ્યબયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે.

# રણબીરની પુત્રી રાહા સિનેમાગૃહમાં પહેલી ફિલ્મ તેના પિતાની રામાયણ જોશે



રણબીર કપૂર અને યશ વિદેશમાં રામાયણ ફિલ્મનું પ્રમોશન કરી રહ્યા છે. સાન ડિયેગોમાં કોમિક કોન ૨૦૨૬માં રણબીરે જણાવ્યું કે રામાયણ તેમની પુત્રી રાહાની મોટા પડદે જોયેલી પ્રથમ ફિલ્મ હશે. નિર્માતા નમિત મલ્હોત્રાએ સોની પિક્ચર્સ સાથે ભાગીદારી કરી છે. ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થશે. આ ફિલ્મ બે ભાગમાં રજૂ થશે.

જેની કાગડોળે વાટ જોવામાં આવી રાહ જોવામાં આવી રહી છે તે રણબીર કપૂરની ફિલ્મ રામાયણનું પ્રમોશન વિદેશમાં શરૂ થઇ ગયું છે. ભગવાન રામની ભૂમિકા ભજવવાનો પડકાર ઝીલી રહેલાં રણબીર અને રાવણની ભૂમિકા ભજવી રહેલાં યશ વિદેશમાં ફિલ્મનો પ્રચાર કરવા પહોચી ગયા છે. સાન ડિયેગોમાં કોમિક કોન ૨૦૨૬માં બોલતાં રણબીર કપૂરે જણાવ્યું હતું કે મારા માટે રામાયણ ફિલ્મનુ મહત્વ એ અંગત કારણે પણ છે કે મારી પુત્રી રાહા ની આ પહેલી ફિલ્મ હશે જે તે મોટાં પડદે નિહાળશે. હું મારી પુત્રીને આ ફિલ્મ બતાવવા માટે ખૂબ ઉત્સુક છું. રામાયણ તેના માટે મોટાં પડદે જોવાનારી પ્રથમ ફિલ્મ બની રહેશે. રામાયણની કથાનો બાળકોને પરિચય કરાવવા માટે ઉત્તમ રીત તેમની સાથે બેસી રામાયણ ફિલ્મ જોવી તે છે.

ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે રામાયણના દુનિયાના દર્શકો સમક્ષ રજૂ કરવાની મારી મહત્વાકાંક્ષા સાકાર થવા જઇ રહી છે.

સોની પિક્ચર્સ એન્ટરટેઇનમેન્ટ સાથે અમારી પાર્ટનરશિપને કારણે મારી આ મહત્વાકાંક્ષા વાસ્તવિકતા બનવા જઇ રહી છે. અમે ટૂંક સમયમાં દુનિયા સમક્ષ ફિલ્મનું ટ્રેલર રજૂ કરીશું. ફિલ્મનું ટ્રેલર સાન ડિયેગોમાં રજૂ કરવાની જાહેરાત કર્યા બાદ છેલ્લી ઘડીએ ટ્રેલર લોન્ચ ઇવેન્ટને મોકૂફ રાખવામાં આવી હતી.

રામાયણ ફિલ્મને હોલીવૂડની મોટી ફિલ્મની જેમ પુરી ઝાકઝમાળ સાથે દુનિયાના દર્શકો સમક્ષ રજૂ કરવાની નિર્માતાઓની યોજના છે. રામાયણ ફિલ્મને બે ભાગમાં રજૂ કરવામાં આવશે.

# સુતા સુતા પગના ગોટલા શા માટે ઉપર ચઢી જાય છે?

સૂતા સૂતા પગના ગોટલા (પિંડીના સ્નાયુઓ) અચાનક ઉપર ચઢી જવા અથવા ખૂબ જ દુખાવો સાથે ખેંચાઈ જવાને લેગ ક્રેમ્પ (Night leg cramp) કહેવામાં આવે છે. આ સામાન્ય સમસ્યા છે.

**તેના મુખ્ય કારણો આ હોઈ શકે:**

*શરીરમાં પાણીની ઉણપ.
*પોટેશિયમ, મેગ્નેશિયમ અથવા કેલ્શિયમ જેવા ખનિજોની ઉણપ.
*દિવસભર વધારે ચાલવું, ઊભા રહેવું અથવા ભારે કસરત કરવી.
*લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં બેસી રહેવું.
*ઉંમર વધવી.
*કેટલીક દવાઓ (જેમ કે કેટલીક મૂત્રવર્ધક દવાઓ)ની આડઅસર.
*ક્યારેક ડાયાબિટીસ, થાયરોઇડ અથવા નસોની સમસ્યાઓ પણ કારણ બની શકે.

**ક્રેમ્પ આવે ત્યારે શું કરવું?**

*પગને સીધો કરો અને પગની આંગળીઓને પોતાની તરફ ખેંચો.
*પિંડીના સ્નાયુની હળવી માલિશ કરો.
*ગરમ પાણીની થેલી અથવા ગરમ ટુવાલથી શેક કરો.
*થોડીવાર ધીમે ધીમે ચાલો.

**બચાવ માટે:**

*દિવસ દરમિયાન પૂરતું પાણી પીવો.
*સૂતા પહેલાં ૫ ૧૦ મિનિટ કાફ (પિંડી) સ્ટ્રેચિંગ કરો.
*સંતુલિત આહાર લો જેમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ પૂરતા પ્રમાણમાં હોય (જેમ કે કેળા, લીલા શાકભાજી, સૂકા મેવાં).
*જો તમે નિયમિત કસરત કરો છો, તો કસરત પછી યોગ્ય સ્ટ્રેચિંગ કરો.



-ડૉ. અમૃતા જાદવ ચાંપાનેરીયા
Email.-jadav.amruta@gmail.com

પ્રજાપંખ
सत्यमेव जयते


# ધામોદલા ગામે રસ્તાના સાઇડ સોલ્ડરનું ધોવાણ થતા પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ

**વાલોડ - તાપી-** તાપી જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ, તાપી-વ્યારા દ્વારા પ્રજાજનોની સુવિધા અને સુરક્ષા માટે ત્વરિત કામગીરી હાથ ધરાઈ રહી છે. ત્યારે વાલોડ તાલુકાના ધામોદલા ગામે ડેરી ફળિયા થી વાડી ફળિયા કાટિસકૂવા સીમાડા રસ્તા પર ભારે વરસાદને કારણે રસ્તાના સાઇટ સોલ્ડરનું ધોવાણ થયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ પર જેસીબી મશીનરી તથા જરૂરી સામગ્રી અને ટીમ તૈનાત કરવામાં આવી હતી.




જનસુરક્ષા અને માર્ગ સલામતીને કેંદ્રમાં રાખી યુદ્ધના ધોરણે રસ્તાના સાઇટ સોલ્ડર ભાગનું મરામત કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હતી. માર્ગનું સમારકામ પૂર્ણ થતાં જ સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે રસ્તો ફરીથી સલામત રીતે શરૂ કરી દેવામાં આવ્યો છે.

## "NEW LAWS: PATHWAYS TO VIKSIT BHARAT 2047" વિષય પર ઓનલાઇન કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો



**પ્રજા પંખ સુરત:** સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત તથા જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુરના UGC–Malaviya Mission Teacher Training Centre (MMTTC) ના સંયુક્ત આયોજન હેઠળ NEW LAWS: PATHWAYS TO VIKSIT BHARAT 2047 વિષય પર યુજીસી માન્ય 3 ક્રેડિટ ધરાવતો ઓનલાઇન ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ તા.૨૦ જુલાઈ થી ૨૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આ કાર્યક્રમ સહભાગીઓના ઉત્સાહ ભર્યા પ્રતિસાદ વચ્ચે સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમનું આયોજન પ્રો. રાજેશ દુબે (ડિરેક્ટર, UGC–MMTTC જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર), ડો. ઇરમલા દયાલ (ઇન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) તથા ડો. નિધી સંડાલ (એસોસિયેટ પ્રોફેસર, જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર)ના સક્રિય માર્ગદર્શન અને સુચારુ સંકલન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રેરણાસ્ત્રોત તરીકે એડવો. શ્રી શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) એ સમગ્ર આયોજનને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

આ રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઇન કાર્યક્રમમાં કુલ ૨૮૫ સહભાગીઓએ નોંધણી કરાવી હતી. કાર્યક્રમમાં ભારતના ૧૨૩ જિલ્લાઓ, ૨૧ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અધ્યાપકો, સંશોધકો તેમજ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો, અર્થસભર ચર્ચાઓ અને વિચારોના આદાન-પ્રદાન દ્વારા નવા ફોજદારી કાયદાઓ અંગે સહભાગીઓના જ્ઞાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જેના કારણે કાર્યક્રમ અત્યંત સફળ અને પરિણામલક્ષી સાબિત થયો.

## ગાંધીધામ ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં સુરતની પ્રીશા પારેખનો શાનદાર દેખાવ




**પ્રજા પંખ, ગાંધીધામ -** ગાંધીધામ ખાતે તા. ૧૭ થી ૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી2nd Gujarat State Ranking Table Tennis Tournament 2026 સુરતની પ્રતિભાશાળી ખેલાડી પ્રીશા પારેખે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે. પ્રીશાએ અન્ડર-૧૧ ગર્લ્સ કેટેગરીમાં શાનદાર રમત દર્શાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો, જયારે અન્ડર-૧૩ ગર્લ્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવી પોતાની પ્રતિભાનો વધુ એક પુરાવો આપ્યો હતો.

હાલમાં પ્રીશા પારેખ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) ના નેજા હેઠળ તાલીમ મેળવી રહી છે. તેમની આ સિદ્ધિ બદલ પરિવારજનો, કોચ તેમજ રમતગમતપ્રેમીઓએ અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

## ગુરુ દેવો ભવ એવોર્ડ

## રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા અર્પણ



**પ્રજા પંખ સુરત:** ગુરુ દેવો ભવ એવોર્ડ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સુરતમાં શૈક્ષણિક ક્ષેત્રે આગવું પ્રદાન ધરાવતા આદર્શ શિક્ષકોને તેમની જ શાળામાં ગુરુ દેવો ભવ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. જેનો ૭૫ મો કાર્યક્રમ વિવેકાનંદ પ્રાથમિક શાળા સીતાનગર ખાતે યોજાયો હતો જેમાં આ શાળાના શિક્ષિકા જયોત્સનાબેન શિરોયાને ગુરુ દેવો ભવ એવોર્ડ રોટરી ક્લબના પ્રમુખ પરેશભાઈ ગોંડલીયા, સૌરાષ્ટ્ર પટેલ સમાજના મનસુખ નારિયા અને ડો.અમુલખભાઈ સવાણીના હસ્તે એનાયત કરાયો હતો.

પ્રાસંગિક વક્તવ્ય હર્ષદભાઈ ભુવા પરેશભાઈ ગોડલીયા, ડો. અમુલખ સવાણી કર્યું હતું મનસુખ નારિયાએ શિક્ષકોના ગૌરવ અને વિદ્યાર્થીઓને સફળ થવા માટેની ચાવીઓ અંગે વાત કરી હતી. સન્માનના પ્રતિભાવમાં જયોત્સનાબેને વાલી અને વિદ્યાર્થીઓ વચ્ચેના આત્મીય સંબંધો અને સમર્પિત ભાવે શિક્ષણ કાર્ય ની વાત કરી હતી.રો. કિર્તીબેન સાવલિયાએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મુકેશ કાનાણીએ તથા સંકલન રોટરી ક્લબના વૈજુલ વિરાણી, ભાર્ગવ કથીરિયાનીતિન ધામેલીયા, ચિરાગ રૂપારેલીયા, પંકજ રાખોલીયા, પરેશ માતરીયા એ કર્યું હતું.

## ડો. એ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ નિમિત્તે એલ.ડી. હાઈસ્કૂલમાં 'લીડરશીપ ક્વોલિટી ફોર સ્ટુડન્ટ્સ' કાર્યક્રમ યોજાયો

### વિશ્વના મહાન નેતાઓના જીવનમાંથી વિદ્યાર્થીઓને સફળ નેતૃત્વના પાઠ અપાયા





**પ્રજા પંખ સચિન :** ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને 'મિસાઈલ મેન' તરીકે વિશ્વભરમાં જાણીતા ભારત રત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ ના અવસરે સચિન સ્થિત એલ. ડી. હાઈસ્કૂલ ખાતે 'લીડર શીપ ક્વોલિટી ફોર સ્ટુડન્ટ્સ' વિષય પર પ્રેરણાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ કરવો અને તેમને જીવનમાં સફળતા માટે જરૂરી મૂલ્યો પ્રત્યે પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે માત્ર અભ્યાસમાં શ્રેષ્ઠ બનવું પૂરતું નથી, પરંતુ સારો નેતા બનવા માટે ઉત્તમ વ્યક્તિત્વ, જવાબદારી અને સેવા ભાવના પણ એટલી જ જરૂરી છે. વિશ્વના પ્રેરણાદાયી નેતાઓ માર્ટિન લ્યુથર કિંગ જુનિયર, મહાત્મા ગાંધી, નેલ્સન મંડેલા, સચિન તેંડુલકર અને મહેન્દ્રસિંહ ધોનીના જીવનપ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે સતત પ્રયત્ન, સંઘર્ષ, શિસ્ત અને ટીમ વર્કથી કોઈપણ વ્યક્તિ સફળ નેતૃત્વ પ્રાપ્ત કરી શકે છે.

વક્તાએ જણાવ્યું કે આત્મવિશ્વાસ, દૃઢ સંકલ્પ, સ્પષ્ટ અને અસરકારક સંવાદ, પ્રમાણિકતા, નૈતિકતા, દૂરદર્શી વિચારસરણી, સહાનુભૂતિ, સમાનતાનો ભાવ, યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા અને જવાબદારી સ્વીકારવાની તૈયારી જેવા ગુણો કોઈપણ વ્યક્તિને સારો લીડર બનાવી શકે છે. કાર્યક્રમમાં ડો. કલામના જીવનમાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓને મોટા સપના જોવાની, સતત શીખવાની અને સમાજ તેમજ રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપવાની પ્રેરણા આપવામાં આવી. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ નેતૃત્વ સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

અંતે વિદ્યાર્થીઓને સંદેશ આપવામાં આવ્યો કે 'આજનો વિદ્યાર્થી આવતીકાલનો સશક્ત નેતા છે. જો આજથી જ સારા ગુણો જીવનમાં અપનાવવામાં આવે તો ભવિષ્યમાં સમાજ અને દેશ માટે જવાબદાર, સંવેદનશીલ અને સફળ નેતૃત્વ પૂરું પાડી શકાય.

## ગૌરી વ્રતનો પ્રારંભ:

## અંકલેશ્વરમાં કુંવારિકાઓએ શિવાલયોમાં પૂજન અર્ચન કર્યું; દૂધ, જળ અને બિલીપત્ર અર્પણ કરી આરાધના





### શિવ-પાર્વતીની આરાધના કરીને અખંડ સૌભાગ્યની કામના કરે છે.

અંકલેશ્વર- અંકલેશ્વરમાં ગૌરી વ્રતનો પ્રારંભ થયો છે. આ વ્રત જયા પાર્વતી વ્રત તરીકે પણ ઓળખાય છે. વ્રતના પ્રથમ દિવસે કુંવારિકાઓએ શિવાલયોમાં પૂજન અર્ચન કર્યું હતું.

અષાઢ સુદ તેરસથી અષાઢ વદ બીજ સુધી પાંચ દિવસ માટે આ વ્રત ઉજવવામાં આવે છે. ગૌરી એ દેવી પાર્વતીનું જ એક નામ છે. નાની બાળાઓ મનગમતો ભરથાર અને સુખી જીવનની કામના સાથે પાંચ દિવસ સુધી અલૂણાં (મીઠા વગરનું ભોજન) રહીને વ્રત રાખે છે. મોટી કુંવારિકાઓ અને વિવાહિત સ્ત્રીઓ જયા પાર્વતી વ્રત કરે છે. તેઓ શિવ-પાર્વતીની આરાધના કરીને અખંડ સૌભાગ્યની કામના કરે છે. વ્રતના પ્રારંભ સાથે જ અંકલેશ્વરના વિવિધ શિવાલયોમાં કુંવારિકાઓએ શિવજી અને ગૌરી માતાનું પૂજન અર્ચન કર્યું હતું. તેમણે દૂધ, જળ અને બિલીપત્ર અર્પણ કરીને આરાધના કરી હતી.

## કારગિલ વિજય દિવસ નિમિત્તે સુરતમાં અમર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ

### ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કારગિલ ચોક ખાતે પૂર્વ સૈનિકોનું સન્માન કરી વીર જવાનોના શૌર્ય અને બલિદાનને નમન કર્યું





**પ્રજા પંખ સુરત, તા. ૨૬ જુલાઈ:** કારગિલ વિજય દિવસના પાવન અવસરે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સુરત મહાનગરના કારગિલ ચોક ખાતે દેશની રક્ષા માટે પોતાના પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર અમર શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

આ સાથે દેશસેવામાં નોંધપાત્ર યોગદાન આપનાર પૂર્વ સૈનિકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, કારગિલ વિજય દિવસ માત્ર એક ઐતિહાસિક વિજયની યાદ નથી, પરંતુ ભારત માતાની રક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપનારા આપણા વીર જવાનોના અદમ્ય શૌર્ય, અપરિમિત પરાક્રમ અને સર્વોચ્ચ બલિદાનને નમન કરવાનો પવિત્ર અવસર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશના સૈનિકો ભારતનું ગૌરવ છે અને તેમની અવિસ્મરણીય વીરતા, અડગ દેશભક્તિ તથા બલિદાન દેશની આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

દેશની સુરક્ષા માટે સીમા પર અવિરત ફરજ બજાવતા દરેક જવાન પ્રત્યે સમગ્ર દેશ કૃતજ્ઞ છે.કારગિલ વિજય દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પણ અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને પૂર્વ સૈનિકોના યોગદાનને બિરદાવતાં તેમના પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

**દેશના સૈનિકો ભારતનું ગૌરવ છે અને તેમની અવિસ્મરણીય વીરતા, અડગ દેશભક્તિ તથા બલિદાન દેશની આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહેશે.**

### કિશોરનું સગીરા પર બે દિવસમાં ત્રણવાર દુષ્કર્મ

## MP થી ભાગી આવી છેલ્લા બે મહિનાથી સુરતમાં રહેતી, કિશોરે મજબૂરીનો લાભ ઉઠાવી પ્રેમજાળમાં ફસાવી



સુરત-સુરતના સચિન વિસ્તારમાંથી સગીરાની સુરક્ષા પર સવાલ ઉઠાવતી શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. મધ્યપ્રદેશથી ભાગીને સુરતમાં છેલ્લા દોઢ મહિનાથી આશ્રય લઈ રહેતી ૧૪ વર્ષીય કિશોરી પ્રેમજાળમાં ફસાઈ જતાં તેની સાથે કિશોરે દુષ્કર્મ આચર્યું હોવાનો કિસ્સો બન્યો છે. ૧૬ વર્ષના કિશોરે માસૂમ કિશોરીને પોતાની ચુંગાલમાં ફસાવી બે દિવસમાં ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. પોતાના આંગણેથી ગુમ દીકરી પર આ અત્યાચાર અંગે પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે BNS અને પોક્સો હેઠળ ગુનો નોંધી ફરાર કિશોરની શોધખોળ હાથ ધરી છે.

MPથી ભાગીને આવી સગીરા સચિનમાં રહેતી હતી મળતી માહિતી પ્રમાણે, મૂળ મધ્યપ્રદેશનો પરિવાર જયાં રહેતો હતો, ત્યાંથી તેમની ૧૪ વર્ષ અને ૭ મહિનાની સગીરા અન્ય એક વ્યક્તિના સંપર્કમાં આવી હતી. જે બાદ તે પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. ઘરેથી ભાગ્યા બાદ સગીરા છેલ્લા દોઢથી બે મહિનાથી સુરતના સચિન વિસ્તારમાં આવીને રહેતી હતી.

પરિચય વધતા ૧૬ વર્ષના કિશોરે સગીરાને ફસાવી આ દરમિયાન ભોગ બનનાર સગીરાનો ૧૬ વર્ષના એક કિશોર સાથે પરિચય થયો હતો. કિશોરે સગીરાની મજબૂરી અને અજાણ્યા શહેરનો લાભ ઉઠાવી તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. સંપર્ક ગાઢ બન્યા બાદ કિશોરે ૧૫ અને ૧૬ જુલાઈ, ૨૦૨૬ના બે દિવસ દરમિયાન સગીરા પર અલગ-અલગ ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. આ પિશાચી કૃત્ય બાદ સગીરા નાસીપાસ થઈ ગઈ હતી અને સમગ્ર આપવીતી પોતાના પરિવારજનો સમક્ષ રજૂ કરી હતી.

પ્રજા પંખ
સત્યમેવ જયતે
પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

સંપર્ક
મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

## રોટરી RCC સચીન કનકપુર અને પાલીની ભવ્ય ઇન્સ્ટોલેશન સેરેમની યોજાઈ

# વિજય ટેલર અને વિજય રાજભારના શિરે પ્રેસિડેન્ટનો સરતાજ સેવા, સંસ્કાર અને સમર્પણના સંકલ્પ સાથે નવા વર્ષનો પ્રારંભ

## પ્રેરણાદાયી સંબોધનથી અનેક નાગરિકો RCC સાથે જોડાવા પ્રેરાયા







**પ્રજા પંખ, સચીન :** રોટરી ક્લબ ઓફ તાપી સુરતના નેજા હેઠળ સેવા, સંસ્કાર અને સમાજ વિકાસ માટે કાર્યરત RCC સચીન કનકપુર અને RCC સચીન પાલીની સંયુક્ત ઇન્સ્ટોલેશન સેરેમની બ્રહ્માકુમારી હોલી પેલેસ ખાતે ઉત્સાહભેર યોજાઈ. સમગ્ર કાર્યક્રમ સેવા, સંસ્કાર અને સમર્પણના ભાવથી ઓતપ્રોત રહ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રંગાનુરાગ ટ્રસ્ટના પ્રમુખ ગિરિરાજસિંહ ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ મહેમાનોમાં રોટરી ક્લબ ઓફ તાપી સુરતના સેક્રેટરી રો. દીપેનભાઈ શાહ, RCC ડિરેક્ટર રો. ગૌતમભાઈ પટેલ, રો. અબ્દુલ રઝાક સૈયદ, ONGC ના એન્જિનિયર જિજ્ઞેશભાઈ, સચીન પોલીસ સ્ટેશનના PSI સુનિતા ડી. સિંહ, સિટીઝન ક્લબના પ્રમુખ બહાદુરસિંહ સોલંકી, સેક્રેટરી ઈશ્વર ભંડારી, ગુજરાત યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર ડો. પારુલ પટેલ, યોગ કોચ સુરેશ ચૌહાણ, ઉત્તમભાઈ, રમણભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત વડીલો, બહેનો, બાળકો, નગરજનો, યોગ ટ્રેનરો તેમજ RCC કનકપુર અને છઈઈ પાલીના તમામ હોદ્દેદારો અને સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યક્રમનો પ્રારંભ હિયા, દિયા અને વિયા દ્વારા મનમોહક ગણેશ વંદના નૃત્યથી થયો હતો. ત્યારબાદ બ્રહ્માકુમારી સવિતાદીદીએ સમાજને વધુ સ્વસ્થ, શિક્ષિત, હરિયાળું અને ખુશહાલ બનાવવા સેવા અને સંસ્કારના માર્ગે આગળ વધવાના પ્રેરણાદાયી આશીર્વચન આપ્યા. રોટરી ક્લબ ઓફ તાપી સુરતના પ્રમુખ અને ઇન્સ્ટોલેશન ઓફિસર દીપકભાઈ પારેખના હસ્તે નિવર્તમાન પ્રમુખો ધનસુખભાઈ પટેલ (RCC સચીન કનકપુર) અને સભાજીત પટેલ (RCC સચીન પાલી) ને તેમની ઉત્કૃષ્ટ

> **પ્રેરણાદાયી સંબોધન દરમિયાન ઉચ્ચારાયેલું એક વાક્ય સૌના હૃદયને સ્પર્શી ગયું. 'એક વ્યક્તિ મદદ કરે તો એક જીવન બદલાય, પરંતુ એક સંગઠન સેવા કરે તો આખો સમાજ બદલાઈ જાય.'**

સેવાઓ બદલ સન્માનિત કરી કોલર એક્સચેન્જ કરાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ શપથવિધિ સાથે યુવા ઉદ્યોગપતિ, સચીન વેપારી મંડળના ઉપપ્રમુખ અને કૃષ્ણા કોમ્પ્લેક્સના પ્રમુખ વિજય ટેલરને RCC સચીન કનકપુરના તથા સમાજસેવક, ફેશન ડિઝાઇનર અને યોગ ટ્રેનર વિજય રાજભારને RCC સચીન પાલીના નવા પ્રમુખ તરીકે ગગનચુંબી તાળીઓ વચ્ચે પ્રેસિડેન્ટનો સરતાજ પહેરાવવામાં આવ્યો હતો. નવા હોદ્દેદારોએ પણ સેવાભાવ સાથે પોતાના હોદ્દાની શપથ ગ્રહણ કરી હતી.

મનીષ પટેલના કોલ ધ મિટિંગ બાદ ગત વર્ષનો વાર્ષિક અહેવાલ મોહનલાલ સોનીએ રજૂ કર્યો હતો. ત્યારબાદ મહાનુભાવોએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું કે 'રોટરી કે RCC માત્ર એક સંસ્થા નથી, પરંતુ સેવા, સંસ્કાર અને સમાજ પરિવર્તનની એક સશક્ત ચળવળ છે.' તેમણે ઉમેર્યું કે Service Above Self ના સિદ્ધાંતને જીવનમાં ઉતારીને સમાજહિતને પ્રથમ સ્થાન આપવું એ જ સાચી માનવસેવા છે. મહાનુભાવોએ જણાવ્યું કે RCC ગામડાં અને સ્થાનિક સમાજની જરૂરિયાતોને નજીકથી સમજી શકે છે. તેથી આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, વ્યસનમુક્તિ, રક્તદાન, વૃક્ષારોપણ, મિયાવાકી ફોરેસ્ટ, મહિલા સશક્તિકરણ અને યુવાનોના વિકાસ જેવા પ્રોજેક્ટ વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાય છે. તેમણે ગ્રામ પંચાયતો સાથે મળીને મિયાવાકી ફોરેસ્ટ જેવા હરિયાળા પ્રોજેક્ટ હાથ ધરવા અને રોટરી ક્લબ ઓફ તાપી સુરત તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી પણ વ્યક્ત કરી હતી.

વક્તાઓએ RCCના ચેરમેન પ્રકાશભાઈ ભાવસારના લાંબા અનુભવ અને માર્ગદર્શનની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમના માર્ગદર્શન હેઠળ RCC સચીન કનકપુર અને RCC સચીન પાલી આગામી વર્ષમાં સેવા ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરશે. સાથે જ યુવાનોને રોટરી પરિવાર સાથે જોડાવવા રોટરેક્ટ ક્લબની સ્થાપનાનું પણ આહ્વાન કરવામાં આવ્યું.

કાર્યક્રમ દરમિયાન સમાજસેવા, યોગ અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપનાર યોગ ટ્રેનરો અને સેવાભાવીઓનું 'પ્રેસિડેન્ટ એવોર્ડ' થી સન્માન કરવામાં આવ્યું હતું, જેને સૌએ હર્ષભેર વધાવી લીધું.

પ્રેરણાદાયી સંબોધન દરમિયાન ઉચ્ચારાયેલું એક વાક્ય સૌના હૃદયને સ્પર્શી ગયું. 'એક વ્યક્તિ મદદ કરે તો એક જીવન બદલાય, પરંતુ એક સંગઠન સેવા કરે તો આખો સમાજ બદલાઈ જાય.' નવા પ્રમુખો વિજય ટેલર અને વિજય રાજભારએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે આગામી એક વર્ષ દરમિયાન દર મહિને ઓછામાં ઓછો એક લોકોપયોગી સેવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. તેમણે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ અને જરૂરિયાતમંદોના કલ્યાણ માટે સતત કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કરતાં કહ્યું કે,

'જ્યાં અંધકાર હશે ત્યાં શિક્ષણનો પ્રકાશ પહોંચાડશું, જ્યાં નિરાશા હશે ત્યાં આશાનો દીવો પ્રગટાવીશું અને જ્યાં જરૂરિયાત હશે ત્યાં છઈઈ સેવા સાથે હાજર રહેશે.'

કાર્યક્રમના અંતે ઉપસ્થિત નાગરિકોમાં સેવા કાર્ય પ્રત્યે નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક યુવાનો અને નાગરિકોએ RCC સાથે જોડાઈ સમાજસેવામાં ભાગીદાર બનવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમે સાબિત કર્યું કે RCC માત્ર સંગઠન નથી, પરંતુ સમાજને નવી દિશા આપતું એક જીવંત સેવા પરિવાર છે. અંતે આભાર વિધિ એડવોકેટ ગોવિંદ મેરે એ કરી હતી. કાર્યક્રમ સંચાલન બીકે જયશ્રી દીદી, બીકે ગુંજા દીદી અને પ્રકાશ ભાવસારે કરી હતી.

# રોટરી ક્લબ ઓફ સુરત સંચાલિત આર.સી.સી. લાજપોર-સચીનનો ૧૩ મો પદગ્રહણ સમારોહ ભવ્યતાપૂર્વક યોજાયો





**પ્રજા પંખ સચીનઃ** સચીન ખાતે આવેલ સચીન પબ્લિક સ્કૂલ, સુડા સેક્ટર-૨ ખાતે રોટરી ક્લબ ઓફ સુરત સંચાલિત આર.સી.સી. લાજપોર-સચીનનો ૧૩મો પદગ્રહણ સમારોહ અત્યંત ભવ્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, શિસ્ત અને સેવાભાવના સુંદર સમન્વય સાથે સંપન્ન થયો હતો.

સમારોહમાં રોટરી ક્લબ ઓફ સુરતના આર.ટી.એન. તથા આર.સી.સી. ચેરમેન શ્રી ચંદ્રેશભાઈ શેઠ પ્રમુખશ્રી અને ઇન્સ્ટોલેશન ઓફિસર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વર્ષ ૨૦૨૬-૨૭ માટે આર.સી.સી. લાજપોર-સચીનના ૧૩મા પ્રમુખ તરીકે શ્રીમતી દિલસાદબાનુની શપથવિધિ કરાવી હતી. શપથવિધિ પૂર્ણ થતાં જ સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો અને ઉપસ્થિત મહાનુભાવોએ નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સુરતના પ્રમુખ શ્રી હર્ષદભાઈ કિનખાબવાલા મુખ્ય અતિથિ તરીકે તથા સેક્રેટરી શ્રી મેઘલભાઈ બક્ષી વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ શ્રી હર્ષદભાઈ કિનખાબવાલાએ પોતાના માર્ગદર્શનમાં જણાવ્યું હતું કે, 'રોટરીનું સાચું ધ્યેય માત્ર સેવા કરવાનું નથી, પરંતુ સમાજના દરેક વર્ગ સુધી સેવા, શિક્ષણ, આરોગ્ય અને માનવતાના મૂલ્યો પહોંચાડવાનું છે.' તેમણે આર.સી.સી. લાજપોર-સચીન દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની હૃદયપૂર્વક પ્રશંસા કરી અને આગામી સમયમાં પણ દરેક જરૂરીયાતે રોટરી ક્લબ ઓફ સુરત સંપૂર્ણ સહયોગ આપશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી.

આર.સી.સી. ચેરમેન તથા ઇન્સ્ટોલેશન ઓફિસર શ્રી ચંદ્રેશભાઈ શેઠે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આર.સી.સી. એ રોટરીના સેવાકાર્યોને સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડતી મહત્વપૂર્ણ કડી છે. તેમણે નવી ટીમને સેવા, પારદર્શિતા, ટીમવર્ક અને માનવકલ્યાણના કાર્યોને વધુ વેગ આપવા પ્રેરણા આપી હતી.

રોટરી ક્લબ ઓફ સુરતના સેક્રેટરી શ્રી મેઘલભાઈ બક્ષીએ નવી કાર્યકારિણીને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, સેવાભાવ, સંકલન અને સમર્પણથી કાર્ય કરનાર ટીમ સમાજમાં હંમેશા વિશેષ સ્થાન મેળવે છે. તેમણે તમામ સભ્યોને એકતાથી કાર્ય કરી વધુમાં વધુ લોકસેવાના પ્રકલ્પો હાથ ધરવા અપીલ કરી હતી.

સમારોહમાં રંગાનુરાગ સચીન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ગિરિરાજસિંહ વાસીયા, સચીન પબ્લિક સ્કૂલના ટ્રસ્ટી શ્રી સુખરામભાઈ ચૌધરી, પ્રિન્સિપાલશ્રી, શિક્ષકગણ અને સ્ટાફ, વિશ્રાંતિ સિનિયર સિટીઝન ક્લબના પ્રમુખ શ્રી રમણભાઈ જી. પટેલ તથા હોદ્દેદારો, વેલ્ફેર સિનિયર સિટીઝન ક્લબના પ્રમુખ શ્રી બહાદુરસિંહ સોલંકી, આર.સી.સી. કનકપુરના પ્રમુખ શ્રી ધનસુખભાઈ પટેલ તથા હોદ્દેદારો, ધબકારના પત્રકાર શ્રી વિજયસિંહ રાઠોડ, પ્રજાપંખના તંત્રી શ્રી પ્રકાશભાઈ ભાવસર, છઠપૂજા કનકપુરના પ્રમુખ શ્રી ચંદ્રકિશોરસિંહ તથા હોદ્દેદારો, સચીન વેપારી એસોસિયેશનના પવનભાઈ જૈન, વિનોદભાઈ જૈન, બી એન્ડ ડીના મોહનભાઈ સોની, એટુ ઝેડ હોસ્પિટલના ડિરેક્ટર શ્રી યોગેશભાઈ સૂર્યવંશી, સમર્પણ હોસ્પિટલના ડો. અનિલ કોટડિયા, શ્રી સાઈ હોસ્પિટલના ડો. બી. એમ. ગુપ્તા, જાયન્ટ ગ્રુપ ઓફ સચીનના હરેશભાઈ નાયક, કનકપુર પોલીસ ચોકીના પ્રકાશભાઈ મોર્યા સહિત મોટી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીના ઉત્સાહને કારણે સચીન પબ્લિક સ્કૂલનો હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

ગત વર્ષના પ્રમુખ શ્રીમતી સમીમબાનુ સૈયદના કાર્યકાળ દરમિયાન થયેલા સેવાકીય કાર્યોની મહેમાનોએ પ્રશંસા કરી હતી અને તેમની સેવાઓને બિરદાવી ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે રંગાનુરાગ ટ્રસ્ટ, સચીનના ટ્રસ્ટી શ્રી ગિરિરાજસિંહ વાસીયાએ આર.સી.સી. સભ્યોના અભ્યાસ કરતા બાળકોને પ્રોત્સાહનરૂપ ઇનામો માટે ૫,૧૦૦ની સહાયની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ધબકારના પત્રકાર શ્રી વિજયસિંહ રાઠોડે કાર્યક્રમ માટે ૩,૦૦૦નું દાન અર્પણ કર્યું હતું. બંને દાતાશ્રીઓનો આર.સી.સી. પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કનકપુર પોલીસ ચોકી તરફથી પ્રકાશભાઈ મોર્યા દ્વારા ઉપસ્થિત સૌને સાયબર ક્રાઇમ જાગૃતિ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જે સમાજજાગૃતિ માટે સરાહનીય પહેલ બની હતી.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ સચીન પબ્લિક સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. ગત વર્ષના પ્રમુખ શ્રીમતી સમીમબાનુ સૈયદે બેલ વગાડી કાર્યક્રમનો પ્રારંભ જાહેર કર્યો હતો અને સ્વાગત પ્રવચન દ્વારા સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને અસરકારક સંચાલન આર.સી.સી. સભ્ય તથા સચીન પબ્લિક સ્કૂલના શિક્ષિકા સાક્ષીબેન મિશ્રાએ કર્યું હતું. કાર્યક્રમની ફોટોગ્રાફીની સેવા પાસ્ટ પ્રમુખ શ્રી રાજેશભાઈ ગોહિલ (આવકાર સ્ટુડિયો, સ્ટેશન રોડ, સચીન) દ્વારા નિઃશુલ્ક આપવામાં આવી હતી. જ્યારે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા આર.સી.સી. સભ્ય શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

ગત વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર સભ્યો તથા વિવિધ સેવાકીય કાર્યોમાં સહયોગ આપનાર દાતાશ્રીઓનું સમીમબાનુ સૈયદ દ્વારા પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં સંસ્થાના સેક્રેટરી શ્રી અબ્દુલ રઝાક સૈયદ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ નવા પ્રમુખ શ્રીમતી દિલસાદબાનુએ બેલ વગાડી સભા સમાપ્તિની જાહેરાત કરી હતી. કાર્યક્રમના અંતે સર્વે મહેમાનો અને સભ્યોએ સહભોજનનો લાભ લઈ પરસ્પર શુભેચ્છાઓ સાથે વિદાય લીધી હતી. આ માહિતી સંસ્થાના સેક્રેટરી શ્રી અબ્દુલ રઝાક સૈયદ દ્વારા આપવામાં આવી હતી.

# કેન્દ્રીય મંત્રીશ્રીની આ મુલાકાતથી ગ્રામજનોમાં વિશ્વાસ અને રાહતની લાગણી પ્રસરી હતી

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે સોનવાડી ગામની મુલાકાત લઈને સ્થાનિક પરિસ્થિતિનું કર્યું સ્થળ નિરીક્ષણ




**પ્રજા પંખ સુરતઃ** 'જનસેવા એ જ પ્રભુ સેવા'ના ઉમદા મંત્રને સાર્થક કરતાં ભારત સરકારના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે સોનવાડી ગામની રૂબરૂ મુલાકાત લઈ સ્થાનિક પરિસ્થિતિનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ ગામના વિવિધ વિસ્તારોમાં ફરીને વરસાદથી પ્રભાવિત વિસ્તારોની સ્થિતિ, સ્થાનિક સુવિધાઓ તથા નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓનો તાગ મેળવ્યો હતો. તેમણે ગ્રામજનો અને અસરગ્રસ્ત પરિવારો સાથે સીધી મુલાકાત કરીને તેમની સમસ્યાઓ, તકલીફો અને જરૂરિયાતો અંગે સંવેદનશીલતાપૂર્વક માહિતી મેળવી હતી. શ્રી પાટીલે સંબંધિત અધિકારીઓને જરૂરી રાહત અને સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થાય તેમજ સમસ્યાઓના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ તેમજ સ્થાનિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીશ્રીની આ મુલાકાતથી ગ્રામજનોમાં વિશ્વાસ અને રાહતની લાગણી પ્રસરી હતી તથા સરકાર લોકોની સમસ્યાઓના નિવારણ માટે સતત પ્રતિબદ્ધ હોવાનું પુનઃસ્પષ્ટ થયું હતું.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230